# સંસદના વર્ષા સત્રનો તોફાની આરંભ

નવી દિલ્હી, તા. ૫

સંસદનું મોનસુન સત્ર આજે ધારણા પ્રમાણે જ તોફાનીરીતે શરૂ થયુ હતુ. પ્રથમ દિવસે જ તેલંગાણાના મુદ્દે ભારે હોબાળો થયા બાદ સંસદની કામગીરી મોકુફ કરવાની ફરજ પડી હતી. બંને ગૃહોમાં વિરોધ પક્ષના સભ્યો અલગ રાજ્ય તરીકે તેલંગાણાની રચનાને લઈને આક્રમક મૂડમાં દેખાયા હતા. કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી ફૂડ સિકયુરિટી વટહુકમને લઈને પણ ચર્ચા રહી હતી. પ્રથમ દિવસે જ ઘણા બધા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. તેલંગાણાની રચનાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ સંસદની અંદર અને બહાર જોરદાર દેખાવો થયા હતા જેથી લોકસભા અને રાજ્યસભાની કામગીરીને વારંવાર મોકુફ કરવાની ફરજ પડી હતી. આંધ્રપ્રદેશના વિભાજનથી હાલમાં જ તેલંગાણાની રચનાનો નિર્ણય કરાયો હતો. લોકસભાની કાર્યવાહી શરૂ થયાના મિનિટો બાદ જ તેલંગાણાની રચના કરવાના વિરોધમાં કેટલાક સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. જ્યારે પ્રશ્ન કલાક દરમિયાન બોડોલેન્ડની માંગ પણ ઉઠી હતી. નવા સભ્યોને શપથ લેવડાવવામાં આવ્યા બાદ તથા હાલમાં જ અવસાન પામેલા સભ્યોને શ્રદ્ધાંજલિ અપાયા બાદ જ તરત જ ટીડીપીના સભ્યો અને કોંગ્રેસના સભ્યો તેલંગાણાને લઈને મેદાનમાં આવી ગયા હતા. ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા અને જોરદાર દેખાવો કરાયા હતા.ટીડીપીના સભ્યો ખૂબજ આક્રમક મૂડમાં દેખાયા હતા. આંધ્રપ્રદેશમાંથી કોંગ્રેસના સાંસદો જે તેલંગાણાનો વિરોધ કરી રહ્યા છે તેઓ તેમની માંગણી પર દબાણ લાવવાના હેતુસર વચ્ચોવચ આવી ગયા હતા. તેઓએ બેનરો દર્શાવ્યા હતા. સિમાધ્રા વિસ્તારો માટે ન્યાય ઈચ્છે છે તેવી રજુઆત કરવામાં આવી હતી. બોડોલેન્ડના સાંસદો પણ અલગ



રાજ્યની રચનાની માંગ લઈને આક્રમક મૂડમાં આવી ગયા હતા. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે સભ્યોને શાંત કરવાના પ્રયાસ કર્યા હતા પરંતુ આમાં સફળતા હાથ લાગી ન હતી. અધ્યક્ષ મીરા કુમારે દેખાવ કરી રહેલા સભ્યોને તેમની બેઠકો પર જતા રહેવા વારંવાર રજુઆત કરી હતી પરંતુ તેમની વિનંતી તરફ ધ્યાન અપાયુ ન હતુ. સૌથી પહેલા મીરા કુમારે બપોર સુધી ત્યારબાદ ત્રણ વાગ્ય સુધી અને છેલ્લે લોકસભાની કામગીરી દિવસભર માટે મોકુફ કરાઈ હતી. અગાઉ દિવસભર માટે ગૃહ મળતાની સાથે જ નવા સભ્યો આરજેડીના પ્રભુનાથસિંહ, હરિભાઈ પારથીભાઈ ચૌધરી, વિઠ્ઠલભાઈ રાદડિયા, પ્રતિભાસિંહ અને પ્રસુન બેનર્જીને શપથ લેવડાવવામાં આવ્યા હતા. પ્રભુનાથસિંહે ભોજપુરીને સત્તાવાર ભાષા તરીકે સામેલ કરવાની રજુઆત કરી હતી. અગાઉ વડાપ્રધાને નવા પ્રધાનોને પણ રજુ કર્યા હતા.

## જેડીયુમાં સામેલ થવા માટે શત્રુઘ્નસિંહાને ખુલી ઓફર

નવી દિલ્હી,તા. ૫

ભાજપના વરિષ્ઠ નેતા શત્રુઘ્નસિંહા ઉપર શિસ્તના પગલાંની તલવાર તોળાઈ રહી છે ત્યારે જનતાદળ યુનાઈટેડ તેમની પાર્ટીમાં સામેલ થવા શત્રુઘ્નસિંહાને પહેલાથી જ આમંત્રણ આપી દીધું છે. શત્રુઘ્નસિંહાને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ટિપ્પણી કરવા અથવા તો બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારની પ્રશંસા કરવા સાથે સંબંધિત નિવેદનોથી દૂર રહેવા સૂચના આપવામાં આવ્યા બાદ જેડીયુ દ્વારા શત્રુઘ્નસિંહાને આમંત્રણ આપવામાં આવ્યું છે. અભિનેતામાંથી રાજકારણ બનેલા શત્રુઘ્નસિંહા સામે કોઈપણ સમયે શિસ્તના પગલાં લેવાય તેવી શક્યતા છે. જેડીયુના પ્રવક્તા સંજય સિંહને ટાકીને અહેવાલમાં જણાવાયું છે કે જેડીયુના દરવાજા શત્રુઘ્નસિંહા માટે હમેશા ખુલ્લા છે. જેડીયુમાં તો કોઈપણ સમયે સામેલ થઈ શકે છે અને અમારા મોરચામાં સ્વાગત કરીશું. બિહારમાં પટણા સાહિબમાંથી સાંસદ શત્રુઘ્નસિંહાએ ગયા મંગળવારે એમ કહીને વિવાદ જગાવ્યો હતો કે નીતિશકુમાર વાસ્તવિક વડાપ્રધાન પદની લાયકાત ધરાવે છે. નીતિશકુમારની શત્રુઘ્નસિંહાએ પ્રશંસા પણ કરી હતી. શત્રુઘ્નસિંહાએ કહ્યું હતું કે ભાજપ અને જેડીયુ વચ્ચે સમાધાનના પ્રયાસો પણ તેઓ કરવા ઈચ્છુક છે. ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહા અને પક્ષના પ્રવક્તા શાહ નવાઝ હુસૈન ગઈકાલે જ શત્રુઘ્નસિંહા સાથે વાત કરી હતી અને મોદી વિરોધી સૂચનોથી દૂર રહેવા સલાહ આપી હતી. બંને નેતાઓ સાથેની મુલાકાત બાદ શત્રુઘ્નસિંહાએ તેમનું વલણ બદલ્યું હતું અને કહ્યું હતું કે તે ભાજપના કાર્યકર છે અને હમેશા તેમની સાથે રહેશે.

## દુર્ગા કેસમાં નિયમ મુજબ પગલા લેવાશે : વડાપ્રધાન

નવી દિલ્હી, તા. ૫

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર આઈએએસ ઓફિસર દુર્ગાશક્તિ નાગપાલના મામલામાં ઉત્તરપ્રદેશ સરકાર સાથે સતત સંપર્કમાં છે. આ સમગ્ર મામલામાં જે નિયમો બનાવવામાં આવ્યા છે તે નિયમો મુજબ સમગ્ર પ્રક્રિયા આગળ વધશે. મોનસૂન સત્રની શરૂઆત પહેલા સંસદીય ગૃહની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા વડાપ્રધાને કહ્યુ હતુ કે આ મુદ્દાની સંપૂર્ણ વિગતો શોધી કાઢવા રાજ્ય સરકાર સાથે અમે સંપર્કમાં છીએ. તેમણે ઉમેર્યુ હતુ કે આવા કેસોમાં જે નિયમો બનાવવામાં આવ્યા છે તે નિયમ મુજબ જ કાર્યવાહી આગળ વધશે. કેન્દ્ર સરકારે ગઈકાલે જ નાગપાલને સસ્પેન્ડ કરવા અંગે તાત્કાલિક અહેવાલ આપવા યુપી સરકારને સૂચના આપી હતી. નાગપાલે ગૌતમબુદ્ધનગર વિસ્તારમાં જમીન માફિયા સામે જોરદાર ઝુંબેશ ચલાવી હતી જેના કારણે ભારે ખળભળાટ મચી ગયો હતો. માફિયાઓ દ્વારા લોબી ચલાવવામાં આવ્યા બાદ નાગપાલની યુપી સરકારે સસ્પેન્ડ કર્યા હોવાના અહેવાલ મળ્યા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આ મામલે નોંધ લીધી હતી અને વડાપ્રધાનને પત્ર



લખીને દરમિયાનગીરી કરવા કહ્યુ હતુ જેથી યુપીએ સરકાર સક્રિય થઈ ગઈ હતી. સોનિયા ગાંધીએ પત્રમાં કહ્યુ હતુ કે કોઈ અધિકારીને અન્યાય ન થાય તેવા પ્રયાસો થવા જોઈએ. મનમોહનસિંહ પર્સનલ મિનિસ્ટ્રીનો હવાલો સંભાળી રહ્યા છે. યુપી સરકારે રવિવારના દિવસે આઈએએસ ઓફિસરને ચાર્જશીટ ફટકારી હતી. ગૌતમબુદ્ધનગરના ૨૮ વર્ષિય નાગપાલને ૨૭મી જુલાઈના દિવસે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. નાગપાલ યુપી કેડરના ઓફિસર છે.

### દુર્ગાની અવધિમાં મહેસૂલી આવકમાં તીવ્ર વધારો થયો

ગ્રેટર નોઈડા,તા. ૧૨

આઈએએસ અધિકારી દુર્ગા શક્તિ નાગપાલને લઈને ઉત્તર પ્રદેશ અને કેન્દ્ર સરકાર આમને સામને આવી ગઈ છે પરંતુ આ સાહસી ઓફિસરની ચર્ચા સામાન્ય લોકોમાં પણ જોવા મળી રહી છે. મળેલી માહિતી મુજબ દુર્ગા શક્તિ નાગપાલના ૧૦ મહિનાની અવધી દરમિયાન સરકારને ૭ કરોડ ૩૦ લાખ રૂપિયાની વધારાની મહેસૂલી રકમ મળી હતી.

સરકારને આ મહેસૂલી રકમ ગેરકાયદે માઈનીંગથી એકત્રિત કરવામાં આવેલી માટી જપ્ત કરીને કરવામાં આવી હતી. આ ઉપરાંત ગેરકાયદે માઈનીંગ મારફતે એકત્રિત કરવામાં આવેલી માટીના જંગી જથ્થાની હરાજી કરવામાં આવી હતી. આ ઉપરાંત ગેરકાયદે માઈનીંગ કરનાર લોકો પાસેથી દંડની રકમ પણ વસૂલ કરવામાં આવી હતી. દુર્ગા શક્તિ નાગપાલે સપ્ટેમ્બર ૨૦૧૨માં એસડીએસ સદરની જવાબદારી સંભાળી હતી. તેમના ચાર્જ સંભાળી લીધા બાદ જુલાઈ ૨૦૧૩ સુધી ખાણ વિભાગે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષની એક સામાન્ય અવધીની સરખામણીમાં દર વર્ષે વધારે મહેસૂલી રકમ એકત્રિત કરી હતી. તેમના ૧૦ મહિનાના ગાળામાં આશરે ૧૭૮૫ લાખ રૂપિયાની મહેસૂલી રકમ સરકારને મળી હતી. જ્યારે તે પહેલા ૧૦ મહિનાના ગાળા દરમિયાન આશરે ૧૧૫૫ લાખ રૂપિયા મળ્યા હતા. આ રકમ ૭ કરોડ ૩૦ લાખ રૂપિયા વધારે છે. દુર્ગા શક્તિની કઠોર કાર્યવાહીના લીધે પરવાનગી વગર ખાણની પ્રવૃત્તિ માટે મંજૂરી મેળવનાર લોકો મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. ખાણ વિભાગ પણ આ અભિયાનમાં દુર્ગા શક્તિની સાથે જોડાતા જોરદાર કાર્યવાહી હાથ ધરાઈ હતી. દુર્ગા શક્તિએ એકલા હાથે પણ કઠોર કાર્યવાહી હાથ ધરી હતી.

## કારબી એંગલોંગમાં સ્થિતિ વણસી : બંધની માઠી અસર

ગુવાહાટી, તા. ૫

તેલંગાણાની જેમ જ અલગ રાજ્યની માંગણીને લઈને આસામમાં હિંસાનો દોર આજે પણ યથાવતરીતે જારી રહ્યો હતો. અલગ બોડોલેન્ડની માંગણીને લઈને જુદા જુદા સંગઠનો દ્વારા આપવામાં આવેલા બંધના લીધે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ હતુ. આસામના નીચાણવાળા વિસ્તારો અને કારબી એંગલોંગમાં સૌથી જટિલ સ્થિતિ રહી હતી અને અહીં હિંસાના છુટા છવાયા બનાવ બન્યા હતા. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. અલગ બોડોલેન્ડ માટેની માંગણી પર દબાણ લાવવાના હેતુસર આજે ૪૮ કલાકના બંધની શરૂઆત થઈ હતી. ઓલ બોડો સ્ટુડન્ટ યુનિયન દ્વારા ૪૮ કલાકની અને ૧૫ કલાકના આસામ બંધની હાંકલ હજુ સુધી થઈ ચુકી છે. એબીએસયુ દ્વારા અગાઉ ૬૦ કલાકની બંધની હાકલ કરી હતી પરંતુ ઈદના પરિણામે અવધિ ઘટાડી દેવામાં આવી છે. ટ્રેન અને વાહન વ્યવહારને માઠી અસર થઈ હતી. સમર્થકોએ રેલવે ટ્રેકને નુકસાન પહોંચાડ્યુ હતુ. નોર્થ-ઈસ્ટ ફ્રન્ટિયર રેલવેએ ૧૧ ટ્રેનોને રદ્દ કરી હતી. જેમા રાજધાની, કામરુ અને બ્રહ્મપુત્ર ટ્રેનનો સમાવેશ થાય છે. વાહનો સળગાવવાના, પથ્થરમારો કરવાના બનાવો બોંગાઈ ગાવ, ગોલાપારા, સોનિતપુરમાં બન્યા હતા. તમામ સ્કૂલો, કોલેજો, બજારો, વેપારી પેઢીઓ બંધના લીધે બંધ રહી હતી. તેલંગાણાની રચના કરવાનો નિર્ણય કર્યા બાદ હવે અલગ બોડોલેન્ડની માંગણીને લઈને આસામમાં પણ જોરદાર હિંસાનો દોર શરૂ થઈ ચૂક્યો છે. સ્થિતિ આજે ખૂબ જ વિસ્ફોટક રહી હતી. આસામના કારબીએંગલોગ જિલ્લામાં પરિસ્થિતિ વિસ્ફોટક બની જતાં ગઈકાલે દેખો ત્યાંથી ઠાર કરવાના આદેશ જારી કરાયા હતા. આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ રાજ્યના વિભાજનનો સાફ ઈન્કાર કર્યા બાદ કારબીએંગલોગ જિલ્લામાં પરિસ્થિતિ વણસી ગઈ છે. કારબીએંગલોગ અને બોડોલેન્ડના અલગ રાજ્યો માટેની માંગણીને લઈને આસામમાં ઘણા સંગઠનો મેદાનમાં આવી ગયા છે. મુખ્યમંત્રી ગોગોઈએ ચેતવણી આપી છે કે હિંસા ઉપર ઉતરેલા તત્ત્વો સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. કારબીએંગલોગ અને બોડોલેન્ડની માંગણીને લઈને કેટલાક સંગઠનોએ આંદોલનને તીવ્ર બનાવી દઈને ભારે હિંસા ફેલાવી છે. બંધના લીધે પણ જનજીવન ખોરવાઈ ગયું છે. આગ અને લૂંટફાટના બનાવો બન્યા છે. ટ્રેનોના ટ્રેકને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. હાઈવે ઉપર નાકાબંધી કરવામાં આવી રહી છે. કારબી એંગલોંગમાં હિંસાના છુટાછવાયા બનાવના કારણે સ્થિતિ તંગ બનેલી છે. દરમિયાનમાં સર્વપક્ષિય પ્રતિનિધિમંડળ નવી દિલ્હી માટે રવાના થયુ છે જે વડાપ્રધાન મનમોહનસિંહ અને યુપીએના ચેરમેન સોનિયા ગાંધી સાથે વાતચીત કરશે.



## ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદથી હાઈએલર્ટ

દહેરાદૂન, તા. ૫

ઉત્તરાખંડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદથી આજે હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. દહેરાદૂનમાં પહેલાથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. અલકનંદા નદી અને અન્ય નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી છે. ઉત્તરાખંડમાં તાજેતરમાં જ પૂરના કારણે ભારે નુકસાન થયુ હતુ. મોટી ખુવારી થઈ હતી. હરિદ્વાર, દહેરાદૂન, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, મસુરીમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના કારણે જૂન મહિનામાં અસરગ્રસ્ત વિસ્તારોમાં તમામ કામગીરી ફરીવાર ખોરવાઈ ગઈ છે અને આ કામગીરી રોકી દેવામાં આવી છે. હરિદ્વાર સહિત ઘણા જિલ્લાઓમાં નદી કિનારે રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ જતા રહેવા સૂચના આપવામાં આવી છે. વિકાસનગર અને ચમૌલીમાં અતિભારે વરસાદ થયો છે. ભાગીરથી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરે પહોંચી છે. દહેરાદૂન અને આસપાસના વિસ્તારોમાં પાંચ ઈંચથી વધુ વરસાદની આગાહી કરાઈ છે. જુન મહિનામાં જ હિમાલિયન સુનામીના કારણે ૧૫૦૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૫૦૦૦થી વધુ લોકો લાપતા થયેલા છે.

## કેરળમાં ભારે વરસાદ બાદ ભેખડ પડવાના ઘણા બનાવ

ઈડુક્કી,તા. ૫

કેરળના ઈડુક્કી જિલ્લામાં ભેખડો ધસી પડવાના કારણે ૧૦ લોકોના મોત થયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા હતા. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે કોચી વિમાની મથકને કામચલાઉ ધોરણે બંધ રાખવાની પણ ફરજ પડી હતી. કોચી આંતરરાષ્ટ્રીય વિમાની મથકને બંધ કરવામાં આવતા બે ફ્લાઈટોને ડાઈવર્ટ કરવામાં આવી હતી. કારણ કે એરપોર્ટના રનવે પર પાણી ભરાઈ ગયા હતા. પેરિયાર નદી અને કેનાલોમાં પાણીની સપાટી વધી જતા આ પ્રકારની સ્થિતિ સર્જાઈ હતી. ઘણી જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયા હતા જેથી વાહનો પણ ફસાઈ ગયા હતા. સૌથી વધુ ઈડુક્કીમાં અસર થઈ હતી. અહીં પાક અને સંપત્તિને ભારે નુકસાન થયુ છે. કેટલાક લોકો લાપતા થયા હોવાના અહેવાલ મળ્યા છે.



કાટમાળ હેઠળ ફસાઈ ગયેલા ઘણા વાહનોને પણ બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. કોચી આંતરરાષ્ટ્રીય વિમાની મથકને બંધ રાખવામાં આવ્યા બાદ તાત્કાલિક ધોરણે પાણીને દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઈરનાકુલમના ડિસ્ટ્રિક્ટ કલેક્ટરે કહ્યુ છે કે વૈકલ્પિક વ્યવસ્થાના પ્રયાસ ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ઓમાન ચંડીએ તાકીદની કેબિનેટની બેઠક બોલાવી હતી જેમાં પરિસ્થિતિની સમીક્ષા કરાઈ હતી. આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદ થવાની આગાહી કરાઈ છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે માર્યા ગયેલાઓમાં બે બાળકો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. પહાડી વિસ્તારોમાં તેમના મકાનો ધારાશાયી થઈ જતાં આ સ્થિતિ સર્જાઈ હતી. રવિવાર બાદથી ઈડુક્કી જિલ્લાના પહાડી વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે જેના કારણે ભેખડો ધસી પડવાના બનાવ હાલના દિવસોમાં બન્યા છે. રાજ્યના બાકીના ભાગ સાથે આ પહાડી જિલ્લાને જોડનાર માર્ગો બંધ કરવાની ફરજ પડી છે.

## સમાચાર ઝલક

- ♥ કેન્દ્રીય ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેના ફેફસાનું ઓપરેશન મુંબઇમાં થયું, ૧૦ દિવસ દવાખાનામાં રહેવું પડશે.
- ♥ હજુ ડીઝલની કિંમતમાં વધુ વધારો કરવાનું વિચારતું તંત્ર!
- ♥ દેશના સોના-ચાંદી બજારોમાં જોરદાર તેજીનાં સંકેત...
- ♥ નોકરીની જગ્યાઓ પર જાતીય સતામણી કરનાર સામે તવાઇ આવશે.
- ♥ અલંગમાં ભંગારનો વેપારી ૮૦ લાખનું ફૂલેકું ફેરવી ફરાર.
- ♥ કેવી કરૂણતા! હોસ્પિટલમાં પુત્રીની ખબર કાઢવા આવેલ પિતાનું પલંગ પાસે જ મોત.
- ♥ ફરિદકોટ મહારાજાની દીકરી કોર્ટના આદેશથી ૨૨,૦૦૦ કરોડનાં માલિક બન્યા, તેઓની ઉંમર હાલ ૮૦ વર્ષની છે.
- ♥ રાજકોટમાં વ્યાજખાઉ એ ડેરીના માલિકને પુરી તાળું મારી દીધું, આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ.
- ♥ ઉત્તારપ્રદેશમાં આઇએએસ અધિકારી દુર્ગાશક્તિની કામગીરીથી રેત માફિયાઓને રૂા. ૫૦૦ કરોડનું નુકશાન.
- ♥ ઋતુ માં વધઘટ સાથે ગુનાઓઓનો સંબંધ, એમેરિકી વૈજ્ઞાનિકોનું તારણ.
- ♥ એસ.આર.પી.એફ.ના જવાનોને ગાંધીનગરમાં પ્લોટ ફાળવવા હાઇકોર્ટનો ચુકાદો.
- ♥ દસ્તાવેજના દરેક પાના પર લેનાર-વેચનારની સહી ફરજીયાત થઇ : પરિપત્ર.
- ♥ ક્રિકેટ બોર્ડને કાનૂની આટાપાટામાં ગૂંચવણમાં ભય લાગે છે.
- ♥ હોલસેલ દાળના ભાવ ઘટ્યા, પરંતુ સામાન્ય પ્રજાને તેનો લાભ નથી.
- ♥ સતત વરસતાં વરસાદના કારણે સાપુતારા મોન્સુન ફેસ્ટિવલને નબળો પ્રતિસાદ મળ્યો...
- ♥ અલગ રાજયની માંગને કારણે આસામમાં પ્રદર્શનકારીઓને 'દેખો ત્યાં ઠારનાં' આદેશ આપતી સરકાર, સતત પાંચ દિવસથી હિંસા ચાલુ.
- ♥ સાબરકાંઠામાં ગાયનેકોલોજીસ્ટ તબીબોને નોટીસ અપાઇ.
- ♥ ચેન્નાઇમાં અમ્મા (જયલલીતા) બની અન્નપૂર્ણા : માત્ર આઠ રૂપિયામાં ભરપેટ ભોજન.
- ♥ રાજયમાં સરકારી કોલેજોમાં ૪૫% અધ્યાપકો.
- ♥ દેશના અનેક ભાગોમાં ભારે વરસાદથી પુર-પ્રકોપની સ્થિતિ, ઉત્તારાખંડમાં ભારે વરસાદની ચેતવણી.

### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

મારા કૌટુંબિક સફળ જીવનનું શ્રેય હું મારા ધર્મપત્ની શ્રીમતી લાભુબહેન, નાનાભાઇ મનસુખભાઇ, પુત્ર ચિ. પ્રતીક, પુત્રવધુ ચિ. પ્રિયંકા, પુત્રીઓ ચિ. પ્રકૃતિ અને પ્રતિજ્ઞા તેમજ મારા સ્વર્ગસ્થ માતાપિતા, મોટા બાપા, મોટા બા, ફઇબાને આપીશ કારણ કે તેઓનાં આશીર્વાદ થકી જ હું આજે સુખી છું. મારા ધંધાકીય તથા સામાજિક ઉત્કર્ષ માટે માટે મારા મિત્રો, સમગ્ર કર્મચારી ગણ, શુભચિંચકો તેમજ મારી ઉપર ખૂબ જ પ્રેમની લાગણી ધરાવતા આણંદબાવા સંસ્થા, જામનગરના મહંત દેવપ્રસાદજી મહારાજને યશ આપું છું.

'હું આજના યુગમાં જીવું છું, આજે પણ મારી ફેક્ટરીમાં ૧૦૦% કાર્યરત છું. આજે ગ્લોબલાઇઝેશનના હિસાબે, વિશ્વ સાવ નાનુ થઇ ગયેલ છે. નવી ટેક્નોલોજીનો બહુ જ ઝડપથી આવિષ્કાર થતો રહે છે. જેથી સમયની સાથે જ તાલ મિલાવશે તે ઉદ્યોગનો વિકાસના કાર્યોમાં પ્રવૃત્ત રહીશ... સફળ અને સ્વસ્થ જીવન માટે જીવનમાં રેગ્યુલારીટી કેળવો. આ જગતને અનુકૂળ થઇને રહો. આ જગતમાં જે છે તે સમય અને સંજોગને આધીન છે. તમારી સાથે કોઇ ખરાબ વર્તન કરે તો તેની સાથે પણ તમારો વ્યવહાર સારો રાખો. હંમેશ પ્રફુલ્લીત રહો. વહેલા ઉઠી યોગનો અભ્યાસ કરો. યોગને રોગોનો રામબાણ ઇલાજ તો છે જ. પણ સાથે - સાથે યોગ થકી આત્મવિકાસ પણ વધે છે અને આત્મવિકાસ થકી જ આપણું જીવન સફળ બને છે.'

તેમના પરિચયના અંતમાં કહું તો શ્રી પરસોત્તમભાઇના વ્યક્તિત્વને મેં નજીકથી જોયું ત્યારે મને રવીન્દ્રનાથ ટાગોરની પંક્તિઓ યાદ આવી ગઇ.

'ફૂલની સેવા મૂલ્યવાન છે, ફૂલની સેવા મધુર છે.
પણ મારી સેવા પાંદડાંની નમ્ર ભક્તિભરી છાયા સમી હજો.'

## વિદેશી રિટેલર્સ વર્ષ ૨૦૧૪ પૂર્વે ભારતમાં આવશે નહીં

નવી દિલ્હી,તા. ૫

વોલમાર્ટ, ટિસ્કો અને કેયરફોર જેવા ફોરેન રિટેલર્સ વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી પહેલા ભારતમાં સુપર માર્કેટ બિઝનેસમાં પ્રવેશ કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અલબત્ત સરકાર તેમની ચિંતાને દૂર કરી ચૂકી છે. સાથે સાથે ધારાધોરણોને પણ હળવા કરી ચૂકી છે. ઈન્ડસ્ટ્રી નિષ્ણાંતોનું કહેવું છે કે ફોરેન રિટેલર્સ ૨૦૧૪ની ચૂંટણી પહેલાં ભારતમાં એન્ટ્રી કરશે નહીં. મલ્ટીબ્રાન્ડ રિટેલ બિઝનેસને જંગી મૂડીરોકાણની જરૂર પડે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે રિટેલર્સ ધારાધોરણને વધુ હળવા અને વધુ સ્પષ્ટ કરવામાં આવે તેનો ઈંતજાર છે. ભારતમાં બેલોઈટના સિનિયર ડિરેક્ટર અનીષ ચક્રવર્તીનું કહેવું છે કે સરકાર વોલમાર્ટ, ટિસ્કો જેવી વૈશ્વિક મહાકાય રિટેલ કંપનીઓ દ્વારા ઊભા કરવામાં આવેલા પ્રસ્નો પૈકી કેટલાક પ્રશ્નોને ઉકેલવાના પ્રયાસમાં છે. ગયા સપ્તાહમાં સરકારે મલ્ટીબ્રાન્ડ રિટેલ પોલીસીમાં જટિલ શરતોને દૂર કરવાનો નિર્ણય કર્યો હતો જેમાં નાની કંપનીઓમાંથી ૩૦ ટકા સોર્સિંગ અને બેક એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૫૦ ટકા મૂડીરોકાણ જેવી શરતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૦ લાખની વસ્તી ધરાવતા શહેરોમાં જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા સ્થાપિત કરી શકશે. ચક્રવર્તીએ કહ્યું હતું કે કેબિનેટની બેઠકમાં ઘણા બધા પાસાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સરકારે હાલમાં જ બેક એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૫૦ ટકા મૂડીરોકાણ સાથે સંબંધિત પોલીસીમાં નિયમોને હળવા કર્યા છે. સુધારવામાં આવેલા ધારાધોરણ મુજબ રિટેલર્સની સમસ્યાને વહેલી તકે ઉકેલવામાં આવશે. મૂડીરોકાણના નિર્ણયો લેતા પહેલા હજુ કેટલાક પાસાંઓને ધ્યાનમાં લેવામાં આવશે. રાજકીય અનિશ્ચિતતા વૈશ્વિક રિટેલ મહાકાય કંપનીઓની ભારતમાં એન્ટ્રી આડે અચડણરૂપ છે. ભાજપ અને ડાબેરીઓ સહિતના ઘણા રાજકીય પક્ષોએ આ પ્રકારની નીતિઓનો વિરોધ કર્યો છે. ભારતીય બજારમાં ફોરેન રિટેલર્સને મંડૂરી આપવાના સરકારના નિર્ણયને ઉઠલાવી દેવા માટે રણનીતિ ભાજપ દ્વારા તૈયાર કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારે ગયા વર્ષે મલ્ટીબ્રાન્ડ રિટેલ સેક્ટર માટેના પ્રવેશદ્વાર ખોલી દીધા હતા. ૫૧ ટકા એફડીઆઈને લીલીઝંડી આપી દેવામાં આવી હતી. જો કે આ સેક્ટરમાં હજુ સુધી કોઈ પણ વિદેશી રોકાણ થયું નથી.

## ભેલમાં હિસ્સાને વેચવાની યોજના હાલ પૂરતી મોકુફ

નવી દિલ્હી, તા. ૫

ડિસઈન્વેસ્ટમેન્ટ વિભાગે શેરબજારમાં હાલ પ્રવર્તી રહેલી મંદી અને મુલ્યંકનની ચિંતાને લઈને પાવર સાધન બનાવનાર કંપની ભેલમાં હિસ્સેદારી વેચવાની તેની યોજના મોકુફ કરી દીધી છે. ભેલમાં ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા હાલમાં હાથ ધરવામાં આવશે નહીં.

સુત્રોએ કહ્યુ છેકે ભેલના શેરમાં હાલ તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે સરકારે પાંચ ટકા હિસ્સો વેચવાની તેની યોજનાને મોકુફ કરી દીધી છે. મૂડી ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. પાવર સેક્ટરના સાધનો માટેની માંગમાં વટાડો થઈ રહયો છે. આજે કારોબાર દરમિયાન ભેલના શેરમાં એક વર્ષની નીચી સપાટી જોવા મળી હતી. તેના શેરમાં ૧૯૬૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.